## ગાંધીનગર મને ગમે છે...



**સંજય થોરાત 'સ્વજન'**
**(અધ્યક્ષ-ગાંધીનગર સાહિત્યસભા)**

"કિતની ખૂબ સૂરત યે તસવીર હૈ" આ ગીત ભલેને કાશ્મીર માટે લખાયું હોય પણ એ ગાંધીનગર માટે એટલું જ બંધબેસતું છે. જી હા, ગાંધીનગર હરિયાળું અને રૂપાળું છે. આમ તો ગાંધીનગર શહેરમાં બધા લોકો બહારથી આવીને વસ્યા છે એટલે એ કોઈનું વતન નથી પરંતુ હું ગાંધીનગર શહેરને મારું વતન કહું છું અને એને દિલથી પ્રેમ કરું છું.

ગાંધીનગર સેક્ટર-૧૬ ખાતે મારૂ બાળપણ ગયું છે અને અમે શાલીમાર થિયેટરના પાયામાં ભરાયેલા પાણીમાં ભૂસકા મારેલા છે. ગાંધીનગર શહેરની ગલીઓમાં પગપાળા અને સાયકલ દ્વારા આંટાફેરા માર્યા છે એટલે એની પ્રત્યેક ઈમારત, માર્ગ કે વૃક્ષોને ખૂબ નજીકથી જોયા છે. નવા જૂના ગાંધીનગરના પણ સાક્ષી છીએ. ગાંધીનગર શહેરની સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળામાં અભ્યાસ કરી નવી ખાનગી શાળાઓ બનતી પણ જોઈ છે.

આજનું ગાંધીનગર તો એની ભરજુવાનીમાં છે અને એટલે એ સૌને ગમે એ સ્વાભાવિક છે પણ અમે તો શહેરના ધૂળિયા રસ્તા જોયા છે તો સરકારી મકાનમાં ચાલતી કચેરી અને શાળા પણ જોઈ છે. "નમસ્તે સદા વત્સલે માતૃભૂમેપ" કહેતી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની શાખામાં ભગવા ધ્વજને સલામ કરી છે તો બાલકનજી બારી દ્વારા બાળપણની પ્રવૃત્તિઓ કરી છે.

હેલીપેડ મેદાન પર પ્રજાસત્તાક દિનની પરેડ, ક્રિકેટ, ડ્રાઈવીંગ, મોરારી બાપુની રામકથાથી વાઈબ્રન્ટ ગુજરાત ડોમ સુધીની કાયાપલટ જોઈ છે. માત્ર હનુમાનજીની ડેરી ધરાવતા સેક્ટર-૨૪ને શહેરના ગીચ સેક્ટર બનતા જોયું છે. ગાંધીનગર સેક્ટર - ૧૬ માધ્યમિક શાળાના લોકપ્રિય વ્યાયામ શિક્ષક થોરાત સાહેબના પુત્ર હોવાનું ગૌરવ મેળવ્યું છે તો એ જ શાળાના ૩૦૦૦ હજાર વિદ્યાર્થીઓ સાથે ભણવાનો આનંદ મેળવ્યો છે.

સેક્ટર-૧૭ની લાઈબ્રેરી પુસ્તકો સમાવે એ પહેલા ત્યાં ગુજરાતના ૧૮૨ ધારાસભ્યોને બેસતા પણ જોયા છે. આર વર્લ્ડ સિનેમા બનતા પહેલા "હમ આપકે હૈં કૌન" બતાવતી રાજેશ્રી સિનેમા જોઈ છે તો રાજશ્રી બનતા પહેલા એ સિનેમા માટે થયેલા બેંક કૌભાંડને પણ જોયું છે. ગાંધીનગરના સૌથી મોટાં સ્પોર્ટસ કોમ્પ્લેક્સમાં જઈને ક્રિકેટ રમ્યા છીએ અને કપિલદેવને નજીકથી જોયા છે જ્યારે એ જ બિલ્ડીંગ ભારત સરકારને આપી દેતા પ્રવેશ માટે પાસ પણ બનાવ્યા છે. ગાંધીનગરના એકમાત્ર મસાજીસ્ટ એટલે મારાં મમ્મી સુશીલા થોરાતની કલા અને એની ડિમાન્ડ જોઈ છે તો હાઉસિંગ બોર્ડના હપતા ભરતાં અને પોતાના મકાન બનાવતા મધ્યમ વર્ગના લોકોને સંઘર્ષ કરતાં જોયા છે.

"તસવીર એ ગાંધીનગર" કોલમ દ્વારા મેં ગાંધીનગર વિશે ૧૦૮ હપતા વિવિધ વાતો લખી છે જે ગુગલમાં પણ ઉપલબ્ધ નથી. ગાંધીનગર શહેરમાં માત્ર એક રીક્ષા હતી અને ત્યારે મારા ઓલિમ્પિક પ્લેયર દાદા શંકરરાવ થોરાત રીક્ષા કરીને આવતા એ જાહોજલાલી જોઈ છે. ગાંધીનગરની ડબલડેકર બસનો પ્રવાસ પણ માણ્યો છે તો દર ગુરુવારે માત્ર ૧૦ પૈસામાં ટ્રેનનો આંટો લેવા સેક્ટર-૨૮ બગીચા સુધી દોડીને પણ ગયા છીએ અને ટ્રેન રૂટમાં આવતાં બોગદામાં સિટી વગાડી છે..!

ગાંધીનગર શહેરમાં એક સમય એવો હતો કે લોકો

● **અનુસંધાન પાન-૭ પર**

**સ્વચ્છતાના સ્વભાવ-સંસ્કારનું નિર્માણ કરીએ : રાજ્યપાલશ્રી**

# સ્વચ્છતાની જાળવણી પ્રત્યેક નાગરિકનું કર્તવ્ય છે

**ગાંધીનગરના રાયસણ ખાતે સ્વચ્છતા અભિયાન દ્વારા રાજ્યપાલશ્રીએ લોકોને સ્વચ્છતાનો મહિમા સમજાવો : ગંદકી કરનારા કરતા સ્વચ્છતા જાળવનારા મહાન**

ગાંધીનગર, તા. ૨

ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે ગાંધીનગરના રાયસણ ખાતે સ્વચ્છતા અભિયાનનો પ્રારંભ કરતા જણાવ્યુ હતું કે સ્વચ્છતાની જાળવણી પ્રત્યેક નાગરિકનું કર્તવ્ય છે. તેમણે સ્વચ્છતાના સ્વભાવ-સંસ્કારનું નિર્માણ કરી પોતાનો નાગરિક ધર્મ બજાવવા સૌને અનુરોધ પણ કર્યો હતો.

રાજ્યપાલશ્રીએ રાયસણ વિસ્તારમાં જાતે શ્રમદાન કરીને લોકોને સ્વચ્છતા માટે પ્રેરિત કર્યા હતા. તેમણે સ્વચ્છતાનો મહિમા સમજાવતા જણાવ્યુ હતું કે ગંદકી કરનારા કરતા સ્વચ્છતા જાળવનારા માનવીનું મૂલ્ય ઉંચું છે. રાજ્યપાલશ્રીએ જણાવ્યુ હતુ કે ઘરની સફાઈ કરી કચરો શેરી કે મહોલ્લામાં નાખવાની માનસિકતા બદલવી પડશે અને ગલી-મહોલ્લા, ગામ અને શહેરની સ્વચ્છતા માટે પણ લોકોએ ચિંતા કરવી પડશે. તેમણે જણાવ્યુ હતું કે દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારતના નિર્માણ માટે સ્વચ્છતાની જાળવણી કરવા દેશના નાગરિકોને સંકલ્પબદ્ધ થવા અનુરોધ કર્યો છે ત્યારે સૌ નાગરિકો સ્વચ્છ ભારતના નિર્માણ માટે યોગદાન આપે. રાજ્યપાલશ્રીએ જણાવ્યુ હતુ કે પ્રકૃતિએ ભારત દેશને અઢળક સૌંદર્ય આપ્યું છે ત્યારે સ્વચ્છતા દ્વારા તેનું જતન કરવું પડશે. તેમણે આ તકે વૃક્ષારોપણ, જળ સંરક્ષણ, નશા મુક્તિ, સ્વદેશી ભાવનાની જાગૃતિ તેમજ બેટી બચાવો-બેટી પઢાઓ અભિયાન અને આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે જનશક્તિને જોડવા અનુરોધ પણ કર્યો હતો. રાજ્યપાલશ્રીએ બાળકોમાં સ્વચ્છતાના સંસ્કાર સુદૃઢ કરવાની હિમાયત પણ કરી હતી. આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ વૃક્ષારોપણ કરીને પર્યાવરણની જાળવણીનો સંદેશ આપ્યો હતો. કાર્યક્રમ દરમિયાન રાજ્ય પાલશ્રીએ પાંચ સફાઈ કર્મીઓનું સન્માન કરી જણાવ્યું હતું કે મહાત્મા ગાંધીજીએ પણ સ્વચ્છતાનો આગ્રહ કરી "જ્યાં સ્વચ્છતા ત્યાં પ્રભુતાનો" સંદેશ આપ્યો છે. તેમણે નગરજનોને સ્વચ્છાગ્રહી બનવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા, ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, મહાનગરપાલિકાના કમિશ્નર ધવલભાઈ પટેલ સહિત ઉચ્ચ અધિકારીઓ અને બહોળી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

## પેટ્રોલના પુરાવનારા વાહનચાલકોને આમ આદમી પાર્ટીએ લીટર દીઠ રૂ.૫ આપ્યાં




ગાંધીનગર, તા.૨

છેલ્લાં કેટલાંક દિવસથી પેટ્રોલના ભાવોમાં સતત વધારાને પગલે સામાન્ય પ્રજા પર મોંઘવારીનો કારમો માર પડી રહ્યો છે. આ સમયે પ્રજાની પીડાને વાચા આપવા ગાંધીનગરમાં આમ આદમીની પાર્ટી યુથ વિંગ દ્વારા બપોરે ૧૨:૩૦ કલાકે ઘ-૨ના પેટ્રોલ પંપ ખાતે પેટ્રોલના વધતા ભાવના વિરોધમાં લિટર દીઠ પાંચ રૂપિયા વહનચાલકોને આપીને મોંઘવારી અને પેટ્રોલના ભાવ વધારાનો અનોખો વિરોધ નોંધાવ્યો હતો. 'આપ'ની આ સહાયનો મોટી સંખ્યામાં વાહનચાલકોએ લાભ લીધો હતો.

# દિવ્યાંગોને મળ્યો દ્વારકાધીશના દર્શનનો અદ્દ્ભૂત લ્હાવો

**અમદાવાદની સેરેબ્રલ પાલ્સી સ્પોર્ટસ ફેડરેશન સંસ્થાએ ૫૮ દિવ્યાંગો માટે દ્વારકા બેટ દ્વારકા અને પોરબંદરના ચાર દિવસીય પ્રવાસનું આયોજન કર્યુ : શ્રેષ્ઠ સુવિધાઓ સાથે હરવા-ફરવાના સ્થળોની મુલાકાત લઈ દિવ્યાંગોએ ભરપૂર આનંદ માણ્યો**







ગાંધીનગર, તા.૨

શારીરિક રીતે દિવ્યાંગ હોય તેવા વ્યક્તિઓનુ હલનચલન સિમિત બની જાય છે. વ્હીલચેર, લાકડી કે ઘોડીના ટેકે તેઓ ઘરમાં માંડ ફરી શકતા હોય ત્યારે હરવા ફરવાની અને યાત્રા પ્રવાસની તો વાત જ દૂર રહી. પરંતુ અમદાવાદની સેરેબ્રલ પાલ્સી સ્પોર્ટસ ફેડરેશન સંસ્થા ગુજરાતના જુદા જુદા વિસ્તારના ૫૮ જેટલા દિવ્યાંગોને દ્વારકા-બેટ દ્વારકા-પોરબંદરના ચાર દિવસના પ્રવાસે લઈ ગઈ હતી. એટલુ જ નહી વ્હીલચેરના સહારે રહેલા દિવ્યાંગોની વ્હીલચેરનો ઉંચકીનો દુર્ગમ સ્થળોએ પણ લઈ જઈ તેમને પ્રવાસનો આનંદ કરાવ્યો હતો.

અમદાવાદ રહેતા અને સિવિલ કન્સ્ટ્રક્શનનો વ્યવસાય કરતા દિવ્યાંગ હિંમતભાઈ વાઘમશી થોડાક સમય અગાઉ દિવ્યાંગ ડોકટર પત્નિ સાથે દ્વારકાના દર્શને ગયા હતા. તે સમયે તેમને વિચાર આવ્યો હતો કે આપણા જેવા અનેક દિવ્યાંગોને ભગવાન દ્વારકાદ્ધીશના દર્શનનો લાભ લેવો હોય છે, હરવુ ફરવુ હોય છે. પરંતુ શારીરિક અક્ષમતા અને આર્થિક મર્યાદાઓના કારણે અનેક દિવ્યાંગો ઘરની ચાર દિવાલોમાં જ પુરાઈ રહે છે. તેઓ સેરેબ્રલ પાલ્સી સ્પોર્ટસ ફેડરેશન ગુજરાત નામની સંસ્થા સાથે જોડાયેલા છે. આ સંસ્થાના સહયોગથી દિવ્યાંગોને દ્વારકાના દર્શનનો લાભ આપવાનું નક્કી કરાયુ. આ સંસ્થા મારફતે ૫૮ જેટલા દિવ્યાંગોને દ્વારકા-બેટ દ્વારકાના ચાર દિવસના પ્રવાસે લઈ જવાનુ આયોજન કરાયુ. આ કાર્યમાં હિતેશભાઈ પટેલ અને તેમના પિતા વિષ્ણુભાઈ પટેલનો આર્થિક સહયોગ પ્રાપ્ત થયો.

વિષ્ણુભાઈ પટેલે આ સેવાકાર્યમાં અંગત રસ લઈ તમામ દિવ્યાંગોને દ્વારકાધીશના દર્શનનો વિશેષ લાભ અપાવ્યો.




દ્વારકા મંદિર વ્યવસ્થાપક કમિટીએ દર્શનની તમામ વ્યવસ્થા કરી આપી તો અખિલ ભારતીય મહેશ્વરી સમાજ દ્વારા રહેવા અને જમવાની હાઈક્લાસ સુવિધાઓ આપવામાં આવી. સાત્વીક ભોજન અને એસી રૂમ સહિતની વ્યવસ્થાઓ તેમના માટે ઉપલબ્ધ બનાવાઈ. દ્વારકાદિશના દર્શનનો જ લાભ તો દિવ્યાંગોને પ્રાપ્ત થયો જ સાથે જ આસપાસના વિસ્તારો અને હરવા ફરવાના સ્થળોની મુલાકાત પણ તેઓએ લઈ સૌએ આનંદ માણ્યો. બેટ દ્વારકા જેવા દિવ્યાંગો માટે દુર્ગમ ગણાતા સ્થળની મુલાકાત પણ સૌના સહયોગથી શક્ય બની. સ્વયંસેવકોએ તમામ દિવ્યાંગોની વ્હીલચેરને ઉંચકીને બોટમાં લીધી હતી અને આ રીતે તેઓએ દરીયાની સફરનો અને બેટ દ્વારકાના દર્શનનો લાભ લીધો હતો. સાથે જ નજીકમાં જ આવેલ નયનરમ્ય બીચ શિવરાજપુરમાં તમામે દરિયાની લહેરો વચ્ચે સ્નાનનો લાભ લીધો હતો.

આ ઉપરાંત ગોપી તળાવ, નાગેશ્વર, જયોતીલીંગ, હર્ષદમાતા, પોરબંદર, ચોટીલા, ભગતના સાયલા, ભાયલા મોગલ માતાના દર્શનનો લ્હાવો પણ સૌએ લીધો હતો. સેરેબ્રલ પાલ્સી સ્પોર્ટસ ફેડરેશનના પ્રમુખ કમલેશભાઈ ખોખારીએ ગીત સંગીત કાર્યક્રમનુ આયોજન પ્રવાસ દરમ્યાન કર્યુ હતુ. જેમાં દિવ્યાંગ કલાકાર જગદઈશભાઈ મકવાણાની ઓરકેસ્ટ્રા પાર્ટીએ દિવ્યાંગોને રાસ-ગરબા, ભજન અને કથાની રમઝટમાં તરબોળ કર્યા હતા. દિવ્યાંગો માટે આ પ્રવાસ અવિસ્મરણીય બની રહ્યો હતો.

## માથે મુંડન કરાવી કાયદાનો વિરોધ કરતો માલધારી યુવાન

ગાંધીનગર, તા.૨

રાજ્ય સરકાર દ્વારા શહેરી વિસ્તારમાં પશુધન રાખવા માટે લાયસન્સ ફરજિયાત કરતો કાળો કાયદો લાવવામાં આવ્યો છે જેમાં રખડતાં ઢોર અંગે આકરા દંડ અને સજાની જોગવાઈ કરવામાં આવી છે. જોકે સરકાર કાયદો લાવતાં પહેલાં પશુપાલકોને તેમના માલ ઢોર રાખવાં એનિમલ હોસ્ટેલ કે તેવી કોઈ અન્ય વૈકલ્પિક વ્યવસ્થા ના કરી આપે ત્યાં સુધી લાયસન્સનો કાયદો સ્થગિત રાખવા તાજેતરમાં ગાંધીનગરના કલેક્ટર કચેરી ખાતે ૩૧ પશુપાલકો દ્વારા આવેદન આપવામાં આવ્યું હતું આ પશુપાલકોમાં સામેલ ગાંધીનગરના ગોકુળપુરાના યુવા અગ્રણી રઘુભાઈ



રબારીએ માથે મુંડન કરાવીને આ કાયદાનો વિરોધ પ્રગટ કર્યો હતો.

## ગાંધીનગરમાં કુલ ૩૮૪ દિવ્યાંગ બાળકો

**આ સાથે વિશિષ્ટ શિક્ષકોની સંખ્યા ૩૦ જેટલી**

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરમાં દિવ્યાંગ બાળકોની સંખ્યા વર્ષ-૨૦૨૦-૨૧ના અહેવાલ મુજબ ૩૮૪ દિવ્યાંગ બાળકો નોંધાયા છે. જેમાં ૧૨ બાળકો સંપૂર્ણ દૃષ્ટિહીન, ૧૨૦ બાળકો થોડુ ઓછુ દેખાતુ હોય તેવા, ૧૫ બાળકો શ્રવણ શક્તિમાં ખામી અનુભવતા, ૩ બાળકોને સ્પીચનો પ્રોબ્લેમ, ૧૧૭ બાળકોને લોકોમોટોર ડીસેબિલીટી છે. જ્યારે ૫૬ બાળકો માનસિક મંદબુદ્ધિવાળા, ૫ બાળકો લર્નિંગ ડીસેબિલિટીમાં, ૭ બાળકોને મગજનો લકવો, ૧૨ બાળકો મલ્ટીપલ ડીસેબિલીટીમાં, ૧ બાળક ધ્વાફીઝનમાં, ૩૦ બાળકો ઈન્ટલેકસુ અલ ડીસે બિલીટીમાં અને ૬ બાળકો મસ્ક્યુલર ડિસ્ટ્રોફીમાં એમ કુલ ૩૮૪ દિવ્યાંગ બાળકો નોંધાયા છે. આ દિવ્યાંગ બાળકો માટે ગાંધીનગરમાં ૩૦ વિશિષ્ટ શિક્ષકો આ બાળકો માટે શિક્ષણકાર્ય કરી રહ્યા છે.



ગાંધીનગર સેકટર ૫ માં આવેલ શ્રી કલેહર માતાજીના મંદિરનો પાટોત્સવ અતિ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે મંદિરના પટાંગણમાં નવચંડી યજ્ઞ કરવામાં આવ્યો હતો. જેમાં પાંચ યજમાનો એ ભાગ લીધો હતો. આ યજ્ઞનાં મુખ્ય આચાર્ય પદે કલ્પેશભાઈ મહેતા તથા તેમની ટીમે સવારથી સાંજ સુધી ભૂદેવો દ્વારા પુજા અર્ચના કરવામાં આવી હતી તથા મંદિરના શિખર ઉપર ધજા પુજા અર્ચના કરી ચઢાવી હતી તથા મંદિરમાં બિરાજમાન શ્રી કલેહર માતાજી, શ્રી મહાકાળી માતાજી તથા શ્રી મહાલક્ષ્મી માતાજીના ગોખને લાડુથી ભરવામાં આવ્યો હતો. મંદિરના પુજારી કેતનભાઈ નાયક તથા મંદિરના ટ્રસ્ટી અને સેવકો દ્વારા સમુહમાં આરતીનો લાભ લીધો હતો. નવચંડીની પુર્ણાહુતી બાદ સમુહમાં પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા સમસ્ત સેવક ગણે મોટી જહેમત ઉઠાવી હતી.

## ચેટીચાંદની સીંધી સમાજ દ્વારા ભવ્ય ઉજવણી




ગાંધીનગર, તા.૨

ભગવાન ઝૂલેલાલના જન્મ દિવસની ઉજવણી નિમિત્તે આજરોજ ગાંધીનગર દક્ષિણ વિધાનસભાના મતક્ષેત્રમાં ભાટ ગામ ખાતેની સોસાયટીમાં સિંધી સમાજ દ્વારા ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં અમદાવાદ પૂર્વના લોકસભાના સાંસદ હસમુખભાઈ પટેલ, પૂર્વ મંત્રી નિર્મલાબેન વાધવાણી, ગાંધીનગર દક્ષિણ વિધાનસભાના ધારાસભ્ય શંભુજી ઠાકોર, ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર હિતેષભાઈ મકવાણા, ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયેશભાઈ પટેલ અને હાજર રહેલા તમામ સિંધી સમાજના ભાઈઓ અને બહેનોએ હાજરી આપી હતી.



સેકટર-૩-સીમાં માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા મોટી સંખ્યામાં ભાવિ ભક્તોની ઉપસ્થિતિમાં આનંદનો ગરબો યોજાયો હતો.

## મહારાષ્ટ્ર સમાજ, સે-૨૧ ખાતે ગુડી પડવાની ઉજવણી




મહારાષ્ટ્ર સમાજ, સેકટર-૨૧, ગાંધીનગર ખાતે શાસ્ત્રોકત વિધિથી ગુડીની પૂજા કરી, મરાઠી નુતનવર્ષ નિમિત્તે ગુડી પડવાની ઉજવણી કરવામાં આવી હતી. સમાજના સર્વે મરાઠી લોકોએ કાર્યક્રમમાં હાજર રહી નવ વર્ષની ઉજવણી કરી હતી.

## ૪ માર્ચથી ગાંધીનગરથી પાટણ પગપાળા યાત્રાસંઘનું આયોજન

ગાંધીનગર, તા.૨

જયશ્રી લીંબચ માતા ગાંધીનગરથી પાટણ પગપાળા યાત્રા સંઘ દર વર્ષની જેમ આ સત્યાવીસમાં વર્ષે પણ ગાંધીનગરથી પાટણ પગપાળા યાત્રા સંઘનું સુંદર આયોજન ૪ એપ્રિલ ૨૦૨૨થી ૯ એપ્રિલ ૨૦૨૨ દરમિયાન કરવામાં આવેલ છે. જેમાં ૨૫ કુંડી અને ૫૧ પાટલાનો નવચંડી મહાયજ્ઞનું પણ આયોજન કરવામાં આવેલ છે. સૌ દાતાઓ તથા ભાવિકયાત્રિકોએ તેની નોંધ લેવા વિનંતી છે તેમ સંસ્થાના પ્રમુખ ભોગીલાલ એમ.પારેખ તથા આયોજક રમેશભાઈ એસ.નાયીએ જણાવ્યું હતું.

## ઓમ લેન્ડ માર્ક સ્કૂલના વિદ્યાર્થીઓએ પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમમાં ભાગ લીધો




ગાંધીનગર, તા.૨

માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી સાહેબના માર્ગદર્શન હેઠળ પરીક્ષા પે ચર્ચા ૨૦૨૨ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ચિલોડા મોટા સ્થિત ઓમલેન્ડ માર્ક સ્કૂલના સીબીએસસી ધો-૧૨ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક કાર્યક્રમમાં ભાગ લેવા બદલ વિદ્યાર્થીઓને તેમજ શાળા પરિવારને અભિનંદન પાઠવી શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો.